Date :- 02-06-2024
Gujarat Samachar, Page-05, Surat



## મેટ્રો રેલની ટ્રાયલની કામગીરી અંતિમ તબક્કામાં

# અમદાવાદથી ગાંધીનગર વચ્ચે જુલાઈથી મેટ્રો ટ્રેન દોડશે



અમદાવાદ,શનિવાર

અમદાવાદથી ગાંધીનગર હવે આગામી ટૂંક સમયમાં મેટ્રો રેલ દ્વારા જઈ શકાશે. હાલ આ રૂટ પર વિવિધ ટ્રાયલની કામગીરી અંતિમ તબક્કામાં છે. બધું જ સમુંસૂતરું પાર પડ્યું તો જુલાઈ મહિનાના અંત સુધીમાં અમદાવાદ-ગાંધીનગરના સેક્ટર-૧ વચ્ચે મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે.

## મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ સુધીમાં ૧૩ સ્ટેશન હશે : આગામી તબક્કામાં મહાત્મા મંદિરને આવરી લેવાશે

મોટેરા થી ગાંધીનગરને જોડતી મેટ્રોરેલ લાઈન ગુજરાતના સૌથી મોટા શહેર થી રાજ્યના પાટનગર શહેર વચ્ચે નિર્ણાયક બની રહેશે. આ લાઈન બે મહત્વના શહેરો વચ્ચે સડક મુસાફરીનો વિકલ્પ પૂરો પાડશે. સૌ પ્રથમ ગાંધીનગરના સેક્ટર-૧ સુધી મેટ્રોરેલ જઈ શકશે, ત્યારબાદ ક્રમશઃ ગિફ્ટ સિટી, મહાત્મા મંદિર અને અક્ષરધામ સુધી પહોંચાડવામાં આવશે. મોટેરાથી સેક્ટર-૧ના અનુભાગમાં ટ્રેન ચાલુ થઈ જાય તે માટે ઝડપી કામગીરી અંતિમ તબક્કામાં છે. જેના ભાગરૂપે બે મુખ્ય પુલો સાબરમતી પાસેનો ગિફ્ટ સિટી પાસેનો તથા સુઘડ પાસે નર્મદા કેબલ સ્ટેડ પુલની ઉપર લોડ ટેસ્ટિંગ કરાયું હતું. નર્મદા કેનાલ ઉપર જરૂરી વજન સાથેની ચાર ટ્રેન એકસાથે મૂકીને લોડ ટેસ્ટિંગ થયું હતું.

આ તથા અન્ય જગ્યાએ લોડ ટેસ્ટિંગ-બાકીના સ્ટેશનોની કામગીરી આગામી થોડા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ પછી જૂનના અંત સુધીમા કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટીને ચકાસણી કરવા માટે વિનંતી કરાશે. આ પ્રક્રિયામાં તેમના રીમાર્ક્સ, કોમ્પલાયન્સ પૂર્ણ થયા બાદ આખરી મંજૂરી મેળવીને જુલાઈના અંત સુધીમાં મેટ્રો ટ્રેન દોડાવવાનું આયોજન છે.

### મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ વચ્ચે કયા સ્ટેશન આવશે...

મોટેરા સ્ટેડિયમ, કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, જુના કોબા, કોબા ગામ, જીએનએલયુ, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસિટી, સેક્ટર-૧.

## હીરા મજુરી કરતી ૩૦ વર્ષની મહિલા વેડરોડના રાજ એમ્પાયરમાં ઘરે મૃત મળી

(પ્રતિનિધિ દ્વારા) સુરત શનિવાર

વેડ રોડ ખાતે રાજ એમ્પાયર